ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરના સેક્ટર-૨૨માં દસ વર્ષથી ગરીબો માટે ભોજનનો ભંડારો

**દર રવિવારે થતા જીવદયાના આ કાર્યમાં માનવતાના દર્શન, હાલ ૧૦૪ રવિવાર બુક**



ગાંધીનગર, તા. ૬

ઘોર કળિયુગમાં મનુષ્ય અને માનવતાના અસ્તિત્વ ઉપર ભયાનક સંકટોના વાદળો ઘેરાયેલા છે. ત્યારે સૃષ્ટિના સર્જનહારને આ મંજુર ન હોય તેમ હજુ પણ જીવદયા અને માનવતાના દર્શન થાય છે. ગાંધીનગરના સેક્ટર-૨૨માં આવેલ જૈન દેરાસર બહાર દર રવિવારે ભુખ્યાને ભોજન ખવડાવી માનવતાના જીવંત દર્શન થઈ રહ્યા છે. છેલ્લા દસ વર્ષથી આ સ્થળ પ્રવૃત્તિ અવિરત ચાલી રહી છે અને ધર્મનિષ્ઠ વ્યક્તિત્વ ધરાવતા લોકોનો સહકાર સાંપડી રહ્યો છે.

પ્રભુ શક્તિ અને માનવીય પૂરષાર્થનું ઉત્તમ ઉદાહરણ ગાંધીનગરના સેક્ટર-૨૨માં આવેલા જૈન દેરાસર પાસે દર રવિવારે જોવા મળે છે. જૈન શ્વેતામ્બરના મૂનિવર ચંદ્રશેખર મહારાજની સુચનાથી ચાલતા આ રવિવારી અખંડ ભોજન ભંડારામાં દર રવિવારે ૫૦૦ થી વધુ મહિલાઓ અને બાળકોને ભોજન જમાડાય છે. દસ વર્ષથી ચાલતી આ માનવીય પ્રવૃત્તિમાં બે વર્ષના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકાનુ મનરેગાનું ૧.૭૫ કરોડનું લેબર બજેટ પસાર

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકા પંચાયતે આજે મનરેગાનું આગામી વર્ષનું લેબર બજેટ રૂ. ૧.૭૫ કરોડનું સર્વાનુમતે મંજૂર કર્યું હતું.

ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં મનરેગાનું લેબર બજેટ રજુ કરાયું હતું. જે ૧.૭૫ કરોડનું છે. આ બજેટ અંતર્ગત ૧૦૬૪ જેટલા કામો આ યોજનામાં હાથ ધરી ૬૦ હજારથી વધુ લોકોને રોજગારી આપવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

આજે મળેલ સામાન્ય સભાની બેઠકમાં સભ્યોએ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલયો બનાવવાની કામગીરીમાં સંપૂર્ણ સહયોગ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો અને આ માટે ગામો દત્તક લેવા માટેનો પ્રસ્તાવ પણ પસાર કર્યો હતો.

તાલુકા પંચાયત વિસ્તારમાં વિકાસના કામોને અગ્રતા આપવા માટે સભ્યોએ કરેલા આગ્રહનો તંત્રના અધિકારીઓએ સ્વીકાર કર્યો હતો. તાલુકા વિકાસ અધિકારીશ્રી જોશીએ જણાવ્યું હતુ કે વિકાસના કામો માટે ૧૨ જેટલા ગામોના તલાટીઓને તાત્કાલિક ખૂટતા કાગળો રજુ કરવા તાકીદ કરવામાં આવી છે. ૧૩મા નાણાં પંચના કામો, ગ્રામ પંચાયત હસ્તકના કામો પણ ઝડપથી પૂર્ણ થાય તે માટે અવારનાવર દરેકનું ધ્યાન દોરવામાં આવે જ છે અને સમયાંતરે સમીક્ષા પણ કરવામાં આવે છે.

સરદાર આવાસ યોજનાના કામો પણ ઝડપથી પૂર્ણ થાય તે માટે તંત્રને સહયોગ આપવા કરાયેલી વાતને સભ્યોએ આવકારી આપી હતી અને હવે જ્યારે અધિકારીઓ આ કામોની મુલાકાતે આવશે ત્યારે તેમની સાથે રહી કામ ઝડપથી પૂર્ણ થાય તે માટેના તમામ પ્રયાસ કરશે તેવી ખાત્રી આપી હતી.

આજની બેઠકમાં આંગણવાડીના મરામત માટેના કામો માટે પણ રજુઆત કરવામાં આવી હતી.

# આંબેડકર ઉદ્યાનમાં વૃક્ષો યથાવત રખાશે

**બગીચો દૂર કરાશે પણ વૃક્ષોની હરિયાળી યથાવત રાખવા સર્વે હાથ ધરાશે**

ગાંધીનગર, તા. ૬

સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેક્ટને અનુલક્ષી ટુંકમાં બીજા તબક્કાની કામગીરી શરૂ કરવામાં આવનાર છે ત્યારે ઘ-૪ થી ચ-૪ વચ્ચેના રૂટમાં ટાઉનહોલ સામે સ્થિત વિશાળ ઉદ્યાન પણ નીકાળી દેવાશે જ્યારે હાલ આ બગીચામાં સ્થિત પ્લાન્ટેશની યોગ્યતા ચકાસી જુદા જુદા પ્લાન્ટ રીટેઈન કરવામાં આવશે યોગ્ય રીતે ઉછરેલા વૃક્ષો યથાવત રાખવામાં આવશે.

સ્વર્ણિમ પાર્કના ડ્રીમ પ્રોજેક્ટને અનુલક્ષી ઘ-૪ થી ચ-૪ વચ્ચેના બેલ્ટમાં બીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ વિસ્તારમાં વોટર બોડી, ફાઉન્ટેઈન, વોકવે, ઉદ્યાન તેમજ એન્ટ્રન્સપ્લાઝા સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવશે. સ્વર્ણિમ પાર્કનું કામ ટુંકમાં શરૂ થનાર છે. જ્યારે પ્રારંભિક તબક્કામાં અન્ય યુટીલીટીઝની પાઈપલાઈનની કામગીરી હાથ ધરવામાં આવશે. જ્યારે બન્ને બાજુના

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના આયોજન માટે આજે જિલ્લાતંત્રની મહત્વની બેઠક મળી હતી.
- કાઉન્સીલરો દ્વારા મુકાયેલ સોલાર લાઈટ્સની બેટરી ચોરાવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- ૯મીએ ગાંધીનગર તાલુકામાં આંગણવાડી સંકુલોના લોકાર્પણ માટે મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા ગ્રામ્ય વિસ્તારના પ્રવાસે છે.
- ગાંધીનગર શહેરના હાર્દસમા સે. ૨૧ના શાકમાર્કેટની ગંદકી અને રખડતા પશુઓની સમસ્યા ટોક ઓફ ધી ટાઉન બની છે.
- આજે સે. ૧૪માં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત મેડીકલ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં નિષ્ણાત તબીબોની સેવાઓ ઉપલબ્ધ થશે.
- જાણીતા ફિઝીશીયન ડૉ. જયેશ શાહ કન્ઝકટીવાઈટીસ વાઈરસના કારણે આંખોના દર્દમાં પટકાયા છે.

# સરગાસણ ચોકડી પાસે ટ્રૈલર-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત

**કપચી ભરેલી ટ્રકે ટ્રેલરને ટક્કર મારતા કેબીનના કુરચે-કુરચા ઉડી ગયા હતા : સદનસીબે કોઈ જાનહાની નહી**







(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક ખ-૦ ચોકડી પાસે ગત રોજ મોડી રાત્રે ટ્રક અને ટ્રેલર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટ્રકે જોરદાર ટક્કર મારતા ટ્રેલરના કેબીનના કુરતે-કુરચા ઉડી ગયા હતા. જો કે આ અકસ્માતમાં સદનસીબે કોઈનું મોત થયું ન હતુ. જ્યારે ટ્રક ચાલક ટ્રક મુકી ફરાર થઈ ગયો હતો. આ સંદર્ભે સે. ૭ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર સરખેજ-ગાંધીનગર માર્ગ પર સરખેજ તરફથી ગાંધીનગર તરફ રાજસ્થાનના પાસીંગના ટ્રેલર નં. આર.જે.૨૭-જીબી-૪૧૭૪નો ડ્રાઈવર મોહનલાલ ગંગારામ પટેલ (ઉં.વ. ૩૦ રહે. ગંદોલી ખેડા, તા. માવલી જી. ઉદેપુર, રાજસ્થાન) તથા ક્લીનર ગણેશ યોગીલાલ ઓડ (ઉં.વ. ૨૨ રહે. સવાના રાજસ્થાન) બન્ને ઈસમો જામનગર રીલાયન્સ ખાતેથી ટ્રેલરમાં કોલસી ભરીને રાજસ્થાન જવા રવાના થયા હતા. જેઓ સોમવારની વહેલી સવારે ૧ વાગ્યાના સુમારે ગાંધીનગરની સરગાસણ ચોકડી પર આવી પહોંચ્યા હતા પરંતુ ગાંધીનગરના માર્ગો હેવી વાહનો માટે પ્રતિબંધિત હોવાથી તેઓ સરગાસણ ચોકડીથી શાહપુર ચોકડી

● અનુસંધાન પાન-૭ પર

# સંસ્થાઓને ફળવાયેલા મકાનો પૈકી ૪૫ કિસ્સામાં શરત ભંગ

ગાંધીનગર, તા.૬

શહેરમાં વિવિધ સંસ્થાઓને ફાળવવામાં આવેલ સરકારી આવાસોને અનુલક્ષી માર્ગ મકાન વિભાગ કક્ષાએથી માર્ચ ૨૦૧૪ સુધીની મંજુરી આપવામાં આવી છે. જયારે સંસ્થાઓને ફળવાયેલા આવાસો અન્વયે શરતભંગ થયો હોય

● અનુસંધાન પાન-૭ પર



ઉત્તરાયણના આગમનના પગલે મૂંગા પશુઓ માટે લાડુ બનાવવાની પ્રવૃત્તિ નગરમાં ઠેર ઠેર થઈ રહી છે. સેક્ટરોના ભજન મંડળો અને મહિલા મંડળો ભેગા મળી વ્યાપક પ્રમાણમાં કૂતરાઓ માટે લાડુ બનાવી રહ્યા છે. સેક્ટર-૫ સીની મહિલાઓ ભેગી મળી સોમવારે બપોરે લાડુ બનાવવાની સેવાકીય પ્રવૃત્તિ કરી હતી. (તસવીર : દિપક જાની)

# શહેરમાં છેલ્લા આઠ વર્ષથી શબવાહિની સેવા બંધ હાલતમાં

**શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવની સૂચનાનો પણ આજ દીન સુધી અમલ થયો નથી**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં શબવાહીનીની સેવા છેલ્લા ૮ વર્ષથી બંધ હોવાથી નાગરિકોને અણીના સમયે હાલાકી ભોગવવી પડે છે. આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા મ્યુનિસિપલ કમિશ્નરનો મહાનગરપાલિકાના ભંડોળ અગર ધારાસભ્ય કે સાંસદ સભ્યની ગ્રાન્ટમાંથી શબવાહીનીની સેવા ઉપલબ્ધ કરવા રજૂઆત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુક અરુણ બુચના જણાવ્યા મુજબ શહેરમાં શબવાહિનીની સેવા ઉપલબ્ધ ન હોવાથી મૃતદેહને અંતિમ સંસ્કાર માટે કે ગાંધીનગર બહાર લઈ જવા માટે ભારોભાર હાલાકી વેઠવાનો વારો આવે છે. અગાઉ વર્ષ ૧૯૮૨-૮૩ બાદ ધારાસભ્યએ તેમને મળતી વિકાસકામોની ગ્રાન્ટમાંથી રકમ ફાળવી હતી પરંતુ છેલ્લા ૮ વર્ષથી શબવાહિની સેવા ઉપલબ્ધ નથી. ત્યારબાદ વર્ષ ૨૦૧૦ દરમિયાન શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવે શહેરમાં શબવાહીનીની સેવા ઉપલબ્ધ કરવા સૂચના આપી હતી.

પરંતુ આજ દીન સુધી તેનો અમલ થયો નથી. તેમણે મહાનગરપાલિકાના કમિશનર લલિત પાડલિયાને આ અંગે રજુઆતમાં વધુમાં જણાવ્યા મુજબ મહાનગરપાલિકા કક્ષાએ તેના ભંડોળમાંથી અગર ધારાસભ્ય કે સંસદ સભ્યની વિકાસની ગ્રાન્ટમાંથી શબવાહિની તથા એમ્બ્યુલન્સ વાન માટે વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. શબવાહિની તથા એમ્બ્યુલન્સ વાનને ફાયરબ્રિગેડને સોંપી નાગરિકોને તેની સુવિધા ઉપલબ્ધ કરાવવા તેમણે રજૂઆતમાં જણાવ્યું છે.

# શહેરી વિસ્તારના ગામોમાં નવા રસ્તા બનાવવાનું કામ શરૂ થશે

**માર્ગોના નવીનીકરણ અને સમારકામ માટે ૩.૩૦ કરોડનો ખર્ચ**

ગાંધીનગર, તા.૬

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં માર્ગ નવીનીકરણનું કામ હાથ ધરવા ૩.૩૦ કરોડનો ખર્ચ કરાશે. ગ્રામ્ય વિસ્તારમાં ગટરલાઈનની કામગીરીના અંતે ખૂંદાયેલા રસ્તાઓને યોગ્ય કરવા પણ કામગીરી હાથ ધરાશે. આ કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આગામી મહિનામા કામ શરુ કરી દેવાશે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ બોરીજ, બાસણ, ધોળાકુવા, પાલજ અને ઈન્દ્રોડા સહીતના ગામમાં રસ્તાની સુવિધાના અભાવ વચ્ચે ગ્રામજનો માટે ડગલે ને પગલે સમસ્યાઓ ઉદભવે છે. જયારે અગાઉ હાથ ધરાયેલી ગટર લાઈનની કામગીરી દરમિયાન આડેધડ ખોદકામ થતા કેટલાક ગામોમાં સ્થિત

● અનુસંધાન પાન-૭ પર





પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre) Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Videography & Photography
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Web Designing
Live Video Coverage
vivify
C-202, 2nd Floor, Swagat Rain Forest-II, KH-Road, Kudasan, Gandhinagar.
મો. ૯૮૨૪૮ ૨૯૧૫૬

લીકેજ-મુક્ત ઘરો માટે
SEAL & DRY
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૬૯૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

## પેથાપુર નગરપાલિકા ટેન્ડર નોટીસ

આથી પેથાપુર નગરપાલિકા, પેથાપુરને જિલ્લા આયોજન એકમ ગ્રાંટ વર્ષ-૨૦૧૩/૧૪ હેઠળના નીચે જણાવેલ પેકેજ માટે ઓન લાઈન ઈ-ટેન્ડરથી ગુજરાત રાજ્યના બાંધકામ ખાતામાં રજીસ્ટર થયેલ ઈજારદારો અને સ્પેશીયાલીસ્ટ પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરીંગની વિગતો અત્રેની કચેરીથી તથા વેબસાઈટ www.nprocure.com સાઈટ પરથી જોવા મળશે.

ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ : ૧૫/૧/૨૦૧૪
ટેકનીકલ બીડ રજી.એ.ડી.થી મોકલવાની છેલ્લી તારીખ : ૧૮/૧/૨૦૧૪
ટેન્ડર ઓપન કરવાની તારીખ: ૨૦/૧/૨૦૧૪

પ્રાઈઝ બીડ ઓનલાઈન ભરવાની છે. ટેકનીકલ બીડની સાથે ટેન્ડર ફી / ઈએમડીના ડ્રાફ્ટની એટેસ્ટેડ કોપી જોડવાની રહેશે. તેમજ તમામ એનેક્ષર સાથે સર્ટીફાઈડ નકલો જોડવાની રહેશે. ઉપરોક્ત ટેન્ડરની વધારે માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

સહી/- (હિતેશકુમાર કે. પટેલ) મુખ્ય અધિકારી
સહી/- (સિતાબેન પી. પટેલ) પ્રમુખ
સહી/- (અનિલસિંહ એમ. વાઘેલા) ઉપપ્રમુખ
સહી/- (રણજીતસિંહ આર. વાઘેલા) ચેરમેન કારોબારી સમિત

પેથાપુર નગરપાલિકા, તા. જી. ગાંધીનગર

માહિતી/૨૧૦૧/૧૩-૧૪ (અમારો સંકલ્પ સ્વચ્છ પેથાપુર)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com